## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ગુરૂજી... મને જેટલા લોકો મળ્યા એ બધા જ ભ્રષ્ટાચારનો વિરોધ કરે છે... બધી પાર્ટીઓ પણ વિરોધમાં છે... તો ભ્રષ્ટાચાર કરે છે કોણ...???

## ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં નોટબંધી મુખ્ય મુદ્દો

રાજ્યમાં ૨૭મી ડિસેમ્બરના રોજ ૧૦૩૧૮ જેટલા ગામોમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાવવા જઈ રહી છે તેવા સમયે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આપેલી એક પ્રતિક્રિયામાં કહ્યું છે કે, જેટલા પણ વધુ ગામો સમરસ થાય તે રાજ્યના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. ૨૭મી ડિસેમ્બર ગ્રામ પંચાયતોમાં યોજવામાં આવનારી ચૂંટણી સંદર્ભમાં મુખ્યમંત્રી પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, પંચાયતની ચૂંટણી એ બિન રાજકીય હોય છે જેથી વધુમાં વધુ ગામો સમરસ થાય તો આ ગામોમાં વિકાસની બહોળી તક મળતી હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગત ૮મી નવેમ્બરના દિવસે ચલણમાંથી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો રદ કરવામાં આવ્યા બાદ આગામી ૨૭મી ડિસેમ્બરના રોજ રાજ્યમાં સૌપ્રથમ વખત વ્યાપક સ્તરે ૧૦૦૦૦થી પણ વધુ ગામોમાં પંચાયતોની ચૂંટણી આયોજિત કરવામાં આવી રહી છે.



પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાસભર બનાવવાના અભિયાનના ભાગરૂપે બી.આર.સી. સી.આર.સી.ની કામગીરી મૂલ્યાંકનની ગુણાંકન પદ્ધતિ સામે રાજ્યભરના બી.આર.સી. સી.આર.સી. કોર્ડીનેટર્સની આજે સે. ૧૨ સ્થિત ચાણક્યભવન ખાતે બેઠક મળી હતી જેમાં આ મુદ્દે ઉગ્ર વિરોધની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# “થોળ” તળાવે ઉમટેલા વિદેશી મહેમાનોએ આકર્ષણ જમાવ્યું

ગાંધીનગર, તા. ૧૧

શિયાળાની ઋતુનો પ્રારંભ થતા જ ગુજરાતમાં “પાસપોર્ટ” વગરના પરદેશી પ્રવાસીઓના ઝુંડના ઝુંડ ઉતરી આવે છે. ગુજરાત એ પ્રવાસી પંખીઓનું મનગમતા પસંદગીના સ્થળોનું એક ગણાય છે. હાલ ગાંધીનગર નજીકના ‘થોળ’ તળાવ ખાતે હજારોની સંખ્યામાં ઉતરી આવેલા વિદેશી યાયાવર પંખીઓનો મેળાવડો જામ્યો છે. જેને જોવા માત્ર પક્ષીપ્રેમીઓ જ નહી પરંતુ અન્ય નાગરિકો પણ પરિવાર સહિત ઉમટી રહ્યાં છે.



‘થોળ’ તળાવ ખાતે ઉમટી પડેલા યાયાવર પક્ષીઓમાં કોમનકુટ એટલે ભગતડું, પેઈન્ટેડ સ્ટ્રોક એટલે પીળી ચાંચ ઢોંક, સાયબીરીયન ક્રેન એટલે કુંજ, કોમન પોચાર્ડ એટલે રાખોડી કારચીયા, નોર્ધન સોવેલટ એટલે ગયણો જેવા વિદેશી પંખીઓ ખૂબજ મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં છે. આ પક્ષીઓ સાયબેરીયા તથા રશિયા જેવા અતિ ઠંડા પ્રદેશોમાંથી અહીં હજારો કિલોમીટરનું અંતર કાપીને આવે છે. કારણ કે આ સમયમાં તે પ્રદેશોમાં થતી અતિ બરફવર્ષાને કારણે ખોરાક મેળવવાની સમસ્યા સર્જાય છે. આ પક્ષીઓ ગુજરાતના નળ સરોવર, થોળ સરોવર સહિત અન્ય નાના-મોટા સરોવર-તળાવો પર જોવા મળે છે અને ફેબ્રુઆરીના અંતમાં પોતાના વતન પરત ફરે છે. આ સમયગાળા દરમ્યાન કેટલાક પક્ષીઓ ‘લોકલ માઈગ્રેશન’ એટલે કે સ્થાનિક સ્થાનફેર પણ કરે છે. આ પક્ષીઓ પાણીવાળા સ્થળોએ રહેવાનું વધુ પસંદ કરે છે. ગાંધીનગરના યુવા પક્ષી પ્રેમીઓ અમિત ગોંડ તથા પંકજ પરમારે થોળ સરોવરની મુલાકાત લઈ આ યાયાવર પક્ષીઓની તસવીરો લીધી હતી તથા તે અંગે વિગતવાર માહિતી પણ પુરી પાડી છે. આ ઉપરાંત ગાંધીનગર શહેરીજનો પણ આ પક્ષીઓ જોવા થોળ તળાવ તરફ મોટી સંખ્યામાં જઈ રહ્યા છે.

## સે. ૨૨ આયુર્વેદિક હોસ્પિટલને મોબાઈલ ડિસ્પેન્સરીની ભેટ મળી




ગાંધીનગરના સેક્ટર-૨૨ ખાતેની સરકારી આયુર્વેદ હોસ્પિટલને આજે ફરતા દવાખાના માટે નવી નક્કોર મોબાઈલવાન ડિસ્પેન્સરીની ભેટ મળી છે. આ મોબાઈલ ડિસ્પેન્સરીની ભેટ કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના પરિવહન મંત્રી મનસુખ માંડવિયાની ગ્રાન્ટમાંથી મળી છે જેનું લોકાર્પણ મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે આજે સે. ૨૨ સરકારી આયુર્વેદિક હોસ્પિટલ ખાતે કરાયું હતું. આ પ્રસંગે હોસ્પિટલના પંચકર્મ વૈદ્ય ડૉ. ચેતનાબેન જાની ઉપરાંત ડૉ. ધર્મેન્દ્ર પટેલ, ડૉ. ધારા જાધવ, ડૉ. અમિત પટેલ, ડૉ. રાકેશ ભટ્ટ અને ડૉ. મહેશ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. આ ફરતુ આયુર્વેદ દવાખાનું ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ઓપીડી તેમજ ઔષધિ વિતરણ સહિતની સેવાઓ પૂરી પાડશે.

# જાગૃત નાગરીક પરિષદની બેઠકમાં મહત્વના પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જાગૃત નાગરીક પરિષદની તાજેતરમાં બેઠક યોજઈ હતી. જેમાં શહેરને સ્પર્શતા મહત્વના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રોકડ નાણાંકીય વ્યવહાર માટે માર્ગદર્શન યુવા પ્રવકતા મનીષ દવે દ્વારા આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં મોટીસંખ્યાાં પરિષદના હોદેદારો આગેવાનો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેર જાગૃત નાગરીક પરિષદની બેઠક તાજેતરમાં મળી હતી જેમાં અત્યારે હાલ રોકડ નાણા વ્યવહાર ના વિકલ્પરુપે ઉપલબ્ધ કેશલેસ પધ્ધતિઓ વિશે પરિષદના યુવા વકતા મનીષભાઈ દવેએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે દરેક વ્યકિત જે બેંકમાં ખાતુ હોય ત્યાંથી ડેબિટ કાર્ડ તથા પસંદગીનું ક્રેડિટ કાર્ડ મેળવી શકે છે અને તેનો ઉપયોગ રોકડા રૂપીયા ઉપાડવા, પોતાના વિવિધ સર્વિસ બીલો ચુકવવા તેમજ જીવન જરુરીયાતની તમામ ચીજવસ્તુઓ ખરીદવા માટે કરી શકે છે. કેશલેસ નાણાંકીય વ્યવહારને સરળ અને સુગમ બનાવવા કેશમાં ઉપલબ્ધ વિવિધ એપ્લીકેશનન્સ પોતાના સ્માર્ટ ફોનમાં ડાઉનલોડ કરીને તેની સેવા સરળતાથી સલામતિથી મેળવી શકે છે. કેશલેસ પ્રક્રિયા અંગેના વિવિધ પ્રશ્નોના જવાબમાં મનીષભાઈએ જણાવ્યું હતું કે કેશલેસ ટ્રાન્ઝેકશન વરિષ્ઠ નાગરીકો વધુ સારી રીતે નિશ્ચિત પણ કરી શકે છે. કારણ કે તેમનામાં ચોકસાઈનો અનુભવનો ગણ રહેલો હોય છે.સમયની માંગને અનુસરીને રોજીંદા વ્યવહારમાં સરળ અને સલામત એવા કેશલેસ વ્યવસ્થાને અપનાવવા સૌને અપીલ કરી હતી. આ બેઠકમાં જ્યોતિન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, જયંતભાઈ ભટ્ટ, એસ.ડી.આર.મલીક, મનીષભાઈ દવે, નિરંજન ઓઝા, સોમાભાઈ પરમાર, રમણભાઈ શ્રીમાળી,ખુશાલભાઈ પરમાર, જે.સી.પરમાર સહિતના હોદેદારો હાજર રહ્યા હતા.

# BJP હાઈકમાન્ડની નવી રણનિતી : ૫૦% મહિલા અને ૩૦% યુવા ફોર્સ

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિધાનસભા મિશન ૨૦૧૭માં પણ નવો પ્રયોગ કરવા જઈ રહ્યાં છે. તેઓ ૫૦ ટકા થી વધારે ધારાસભ્યોને રિપીટ કરવાના મૂડમાં નથી, તેની જગ્યાએ તેમણે ૫૦ ટકા મહિલા અને ૩૦ ટકા યુવાન ઉમેદવારો શોધવાનું ફરમાન કરી દીધું છે. મોદી માને છે કે ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી જીતવી હોય તો ભાજપ પાસે ગુજરાત હોવું જરૂરી છે. મોદી જાણે છે કે છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં બિન કોંગ્રેસી સરકાર છે તેથી આ વખતે એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર વધારે નડી શકે તેમ છે તેથી વોટરો ખેંચવા માટેના માઈક્રો પ્લાનિંગનો કોઈ મતલબ નથી. કાર્યકરોને ચાર્જ કરવા નવી કોઈ ફોર્મ્યુલા અમલમાં મૂકવી પડશે અને આ ફોર્મુલાના આધારે રણનિતી ઘડી કાઢવામાં આવી છે. કહેવાય છે કે મોદી આ ચૂંટણીમાં મહોરાં બદલવા માગે છે. જૂના થઈ ગયેલાને ઘેર બેસાડવાનો આ પ્લાન છે. એક સિનિયર નેતાના કહેવા પ્રમાણે “હાલના વર્તમાન ધારાસભ્યો અને પ્રધાનો પૈકી ૩૦ થી ૩૫ ટકાને રિપીટ કરાશે, બાકીના ઉમેદવારો ફ્રેશ અને કોરી સ્લેટવાળા આવશે. જો આમ થયું તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સપનાં ચૂર થઈ શકે છે.”

**વાયબ્રન્ટ સમિટમાં વહાલા મહેમાનોને નોટબંધીની મુશ્કેલી નહીં પડે**

**ચાર મહિનામાં છ વાર- કંઇક કાળું છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચાર મહિનામાં છ વાર ગુજરાતની મુલાકાત લઈ ચૂક્યાં છે. રાજકીય વિશ્લેષકો માને છે કે નોટબંધી પછી મોદી ગુજરાતની જનતાની નાડ પારખી રહ્યાં છે. મોદીની વારંવારની મુલાકાતો જોતાં એવું લાગે છે કે વિધાનસભાની ચૂંટણી નિર્ધારિત સમય ડિસેમ્બર ૨૦૧૭ કરતાં વહેલી આવે તો નવાઈ પામવા જેવું નથી. મોદીની આ મુલાકાતોની ભૂગોળ જોવા જઈએ તો જામનગર, વડોદરા, નવસારી અને ડીસા વિસ્તાર છે. નિરીક્ષકો એવું પણ માની રહ્યાં છે કે ગુજરાતમાં નોટબંધીની પોઝિટીવ અસરને કારણે ઉત્તરપ્રદેશની ચૂંટણી પછી એટલે કે એપ્રિલ કે મે મહિનામાં ગુજરાતની ચૂંટણી આવી શકે છે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને સામાન્ય બજેટ સત્ર પછી ગુજરાત ભાજપ ચૂંટણીની તૈયારીઓ શરૂ કરે તેવી સંભાવના તીવ્ર બની છે. જો વહેલી ચૂંટણી આવે તો પાર્ટીએ ઉમેદવારો અત્યાર થી જ પસંદ કરવા પડે તેમ હોવાથી પાર્ટીના સિનિયર નેતાઓને ઉમેદવારોની યાદી બનાવવાની સૂચના પણ આપી દેવામાં આવી છે.

**યંગ ઓફિસરોમાં કરપ્શનની માત્રા નિયંત્રિત...**

કોઈપણ દેશ કે રાજ્યમાં યુવા નેતાઓની ફોજ દેશને નવી દિશાએ લઈ જઈ શકે છે તેમ યુવા ઓફિસર પણ તેના સપનાનું ડેવલપમેન્ટ બતાવી શકે છે. એક સર્વે પ્રમાણે ભારતીય સેવાઓમાં દાખલ થયેલા નવા અને યંગ ઓફિસરોમાં કરપ્શનની માત્રા બહુ ઓછી જોવા મળી છે. દસ ઓફિસરો પૈકી માત્ર એક કે બે ઓફિસરોને કરપ્શનની તરકીબો ખબર છે અને તેઓ તેમની રીતે પ્રેક્ટિસ કરતા રહ્યાં છે. જીવનના કિંમતી વર્ષો ઉચ્ચ અભ્યાસમાં ગાળ્યા પછી સરકારી પદ પર બેસીને લોકોની યાતના સમજવાની આવડત આ ઓફિસરો ધરાવે છે. ગુજરાતમાં આજે ૬૫ ટકા થી વધુ (૧૨૦થી વધારે) આઈએએસ ઓફિસરો યુવાન છે. જિલ્લાઓમાં કામ કરતા આ ઓફિસરોની કામગીરી કાબિલેદાદ છે. પળભરમાં પ્રશ્નો ઉકેલવાની તેમની ઝડપ અને ખોટું નહીં કરવાની તેમની ચોખ્ખી દાનત રાજ્યને કરપ્શન ફ્રી કરવામાં મોટો ભાગ ભજવશે તેવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોનું પરિણામ એ આવ્યું છે કે સચિવાલય કરતાં જિલ્લા વહીવટી તંત્રમાં ટોપ લેવલના ઓફિસરોમાં ચારિત્ર્યતા વધી છે. સુદ્ધતા દેખાય છે અને પ્રામાણિકતા છલકાય છે.

**હું જાણું છું, ક્યાં ક્યાં હોમ ડિલિવરી થાય છે...**

નોટબંધી પછી સામાન્ય જનતાની જેમ એક નિવૃત્ત આઈએએસ ઓફિસર પણ લાઈનમાં ઉભા છે, તેઓ બેન્કને ૨૦,૦૦૦ રૂપિયાનો ચેક આપે છે પણ બેન્કના કેશિયર કહે છે કે ‘આટલા રૂપિયા નથી હું પાંચ હજાર આપું છું..’ એ નિવૃત્ત ઓફિસર ના પાડે છે અને કહે છે કે ‘મારો ચેક જેટલી રકમનો છે તેટલી રકમ મને ઉપાડવાનો હક્ક છે.’ બન્ને વચ્ચે ઉગ્ર બોલાચાલી થાય છે અંતે એ ઓફિસર જગ્યા છોડી મેનેજર પાસે પહોંચી જાય છે. તેમણે મેનેજરને કહ્યું કે- ‘મિસ્ટર આપની બેન્ક મને ચેકમાં લખેલી એમાઉન્ટ આપતી નથી. આ મારા રૂપિયા છે મને પાછા કેમ મળે નહી...’ મેનેજરે કહ્યું કે ‘ત્રણ દિવસ અગાઉ આપે કહ્યું હોત તો હું તમને નવી નોટો આપી શક્યો હોત, પણ અત્યારે નવી નોટો ઓછી છે..’ આ નિવૃત્ત ઓફિસરે મેનેજરને એવું સંભળાવ્યું કે- ‘હું જાણું છું નવી નોટોના બંડલો ક્યાં ક્યાં હોમ ડિલિવરીથી કોના ઘરે પહોંચે છે. મને બોલાવશો નહીં. તમે લોકો ઉગતા સૂર્યની જ પૂજા કરો છો... એક સમય હતો તમે બેન્કના સંચાલકો મારી કચેરીમાં આવીને ઘૂંટણિયે પડી જતા હતા. આજે આવો રોફ અજમાવો છો, જરા તો શરમ કરો!!’પ

**બેચના હૈ લેકિન કોઇ ખરીદાર નહીં મિલતા...**

ગુજરાત સરકારના ટુરિઝમ કોર્પોરેશનની મિલકતોની વાટ લાગી ચૂકી છે. જગ્યાના ખરીદાર મળતા નથી અને તૈયાર હોટલ કે રેસ્ટોરન્ટને લીઝ પર ભાડે લેવા કોઈ તૈયાર થતું નથી. ટુરિઝમે તેની ટુરિસ્ટની જગ્યાઓ, બીચ અને રેસ્ટોરન્ટને વેચવા અને મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટથી આપવા માટેના ટેન્ડરો ઈસ્યુ કર્યા છે પરંતુ આ ટેન્ડરોમાં વારંવાર રિટેન્ડરીંગ થાય છે. એક જ જગ્યા માટે ચાર ચાર વખત રિટેન્ડરીંગ કરાવવું પડે છે. તપાસ કરતાં ખબર પડી કે ટુરિઝમ કોર્પોરેશનના પ્રયાસો ઉત્તમ છે પરંતુ તેમાં બનાવેલી કમિટીના સભ્યો આડખીલી બની રહ્યાં છે. આ પ્રોપર્ટીમાં એટલી બધી ઉંચી કિંમતો મૂકવામાં આવે છે કે પ્રોપર્ટીને ડેવલપ કરવા માગતા ઉદ્યોગકારો કે હોટલ સંચાલકો ટેન્ડર જોઈને બંધ કરી દેતાં હોય છે. સરકારની આકરી શરતોનું પાલન તો કરવા તૈયાર છે પરંતુ જે કિંમતે સરકાર સોદો કરવા માગે છે તે લાખના બાર હજાર કરવા જેવો હોય છે તેથી ટુરિઝમની મહેનત પાણીમાં જાય છે...

**તમને ખબર છે?.. બેન્કોમાં બે લાઇનો લાગે છે...**

ભારતની બેન્કોમાં આજકાલ બે લાઈન લાગે છે. એક લાઈનમાં લોકો બે કે પાંચ હજાર રૂપિયા લેવા માટે ઉભા છે. આ લાઈનમાં આમ આદમી કલાકો સુધી લાઈનમાં ઉભો રહે છે ત્યારે તેને મહેનતની પસીનાની કમાણી મળે છે. બીજી લાઈન બેન્કના પાછલા દરવાજે કે બારી પાસે લાગે છે. આ લાઈન ટૂંકી છે અને ઝડપથી વારો આવે છે પરંતુ તેમાં બે કે પાંચ હજાર નહીં, પુરા બે-બે લાખના બંડલો છૂટ્ટા ફેંકાય છે. આ લાઈન માટે એવું કહેવાય છે કે આપણા રાજકીય નેતાઓ અને વીવીઆઈપી લોકોના આ રૂપિયા છે, કે જેમણે જૂની નોટોના બંડલો બેન્કોમાં અગાઉથી જમા કરાવ્યા છે અને હવે કાયદેસરની નવી નોટોના બંડલો મેળવી રહ્યાં છે. આપણા રાજકીય શાસકો માટે આ શરમજનક ઘટનાઓ છે. લોકોના ફાયદાની વાતો કરીને લોકોને પરેશાન કરે તે જ આજના સમયમાં સાચો નેતા કહેવાય છે...

**RBI એ નવી ચલણી નોટો પ્રસિદ્ધ કરી પણ તે ‘મેઇક ઇન ઇન્ડિયા’ નથી...**

**નવી નોટો મેઇક ઇન ઇન્ડિયા નથી...**

ભારતમાં મેઈક ઈન ઈન્ડિયાને પ્રાધાન્ય આપતા મોદી શાસનમાં હાલ છપાઈ રહેલી ૨૦૦૦ અને ૫૦૦ના દરની ચલણી નોટો મેઈક ઈન ઈન્ડિયા નથી. જૂની નોટ બંધ થતાં નવી નોટોની માંગ વધી હોવાથી નોટનો કાગળ આયાત કરવાની સરકારને ફરજ પડી છે. માત્ર કાગળ જ નહીં સિક્યોરિટી થ્રેડ પણ બહારથી મંગાવવો પડે છે. દેશમાં નવી નોટો છાપવાનું કમાજ રીઝર્વ બેંકની માલિકીના ત્રણ પ્રિન્ટીંગ પ્રેસમાં, ૨૪ કલાક અને જમવાના બ્રેક વગર ચાલી રહ્યું છે. રીઝર્વ બેંકના સુત્રો એ જણાવ્યું હતું કે ૬૦૦૦ ટનની સિક્યુરીટી પેપર મિલ હોશંગાબાદની ક્ષમતા પૂર્ણ કક્ષાએ ઉપયોગમાં લીધા પછી પણ રોજના ત્રણ નોટ પ્રેસની જરૂરીયાત પૂરી નથી થઈ રહી. આ સ્થિતિમાં હવે યુકેથી કાગળની આયત થઈ રહી છે. થોડા દિવસોમાં ૫૦ ટકા કાગળ આયાતી અને બાકીના સ્થાનિક કાગળો સાથે નોટો છાપવી પડશે. બીજી તરફ, કાગળ ઉપરાંત સિક્યુરીટી થ્રેડ પણ બ્રિટન, ઈટલી અને યુક્રેનથી આયાત કરવામાં આવી રહ્યા છે.

**ટુરિઝમની વાટ લાગી ચૂકી છે, જગ્યા વેચાતી નથી, ભાડે જતી નથી**

**ખબરદાર, તમારો બધો ડેટા ચોરાય છે...**

સ્માર્ટફોન ઉપર ઈન્સ્ટોલ થયેલી વિવિધ કંપનીઓની મોબાઈલ વોલેટ (જેના થકી લોકો નાણાકીય વ્યવહાર કે બીલ ચુકવે છે) તેના ઉપર માત્ર સાઈબર ક્રાઈમનું જ નહિ પણ લોકોનો ખાનગી ડેટા ચોરીનું પણ જોખમ છે. સૌથી વધારે ચોકાવનારી વાત એ છે કે, લોકો પોતાના ફોન ઉપર આ એપ ઈન્સ્ટોલ કરતી વખતે જ આ વોલેટ કંપનીઓને આવી રીતે ડેટા ચોરવાની પરવાનગી ખુદ ગ્રાહક પોતે જ આપે છે. એપ ઈન્સ્ટોલ કરતી વખતે એન્ડ્રોઈડના પ્લેસ્ટોર કે આઈફોનમાં એપસ્ટોર પર અનેક પરમીશન લેવામાં આવે છે. મોટાભાગના લોકો આ પરમીશન વાંચ્યા વગર જ તેમાં હા પડે છે કારણકે ના પડીએ તો એપ ઈન્સ્ટોલ કરવી શક્ય નથી. આ પરમીશનમાં હા પડીએ એટલે વોલેટ કંપનીઓને ગ્રાહકનો ખાનગી ડેટા મેળવવાની પરવાનગી મળે છે.

**બધે લોકેશન આપવું ઇચ્છનિય નથી...**

મોબાઈલ ફોનની મોટાભાગને એપ્લિકેશનમાં લોકેશન જાણવાનો પ્રયત્ન થાય છે. આમ જોઈએ તો લોકેશન આપવાથી તમે ડેસ્ટિનેશન સુધી આસાનીથી પહોંચી શકો છો પરંતુ તેનો દુરપયોગ પણ થઈ શકે છે. કેટલીક મોબાઈલ એપ્સ જીપીએસનો ઉપયોગ કરી તે ગ્રાહક જ્યાં હોય ત્યાનું લોકેશન ટ્રેક કરી ગ્રાહકને પોતાની નજીકમાં જે સેલ કે ઓફર ચાલતી હોય તેની જાણકારી આપે છે. આ ઉપરાંત તમારા મોબિલમાં તમારી વર્તણુક—સોશિયલ મીડિયાનો ઉપયોગ, તમારા દ્વારા થતા કોલ, તમારા દ્વારા થતી ખરીદી અને પેમેન્ટ—નો અભ્યાસ કરી એકદમ કીમતી ડેટા એકત્ર કરે છે. ડેટાની આ ચોરી ગ્રાહક માટે ભવિષ્યમાં અનેક જોખમો ઉભા કરી શકે છે તેનું ધ્યાન ગ્રાહકે રાખવાનું છે. કોઈપણ ઉપભોક્તાએ દરેક મોબિલ એપની પરમીશન અંગેની જાણકારી એકત્ર કરી, તે સમજી પછી જ મોબિલ એપ ઈન્સ્ટોલ કરવી જોઈએ.

**ગુજરાત વર્ષે ૫૨૦૦ કરોડ ગુમાવે છે...**

દેશમાં ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં દારૂબંધીનો પ્રથમ કાયદો ૧૯૬૦માં લાવવામાં આવ્યો હતો. હાલ ગુજરાત સરકાર દારૂબંધીને કારણે વર્ષે ૫૨૦૦ કરોડ રૂપિયાની આબકારી જકાત ગુમાવી રહી છે, બીજી તરફ પાડોશી રાજ્યો કરતાં ગુજરાતમાં બમણો દારૂ પીવાય છે અને વેચાય છે છતાં સરકાર કંઈ કરી શકતી નથી. ગુજરાતમાં આમ જોવા જઈએ તો કહેવા પુરતો દારૂ પરનો પ્રતિબંધ છે ગુજરાતના લોકો જ એવાં છે કે પોલીસની નજર હેઠળ જ દારૂ લાવીને વેચે છે અને પીવે છે. ગુજરાત કરતાં બિહારની સ્થિતિ સારી છે. મુખ્યપ્રધાન નિતીશકુમારે દારૂબંધીનો કડક અમલ કરતાં દેશના અન્ય રાજ્યો બિહારની પેટર્નના વખાણ કરવા લાગ્યા છે. ગુજરાતમાં ૫૬ વર્ષથી જે કાયદો કંઈ કરી શક્યો નથી તે બિહારે બે વર્ષમાં કરી બતાવ્યું છે. હવે ગુજરાત સરકાર બિહાર પરથી બોધપાઠ લઈને તેનો કાયદો સુધારવા બેઠી છે. જોઈએ, નવા કાયદાનો કેવો અમલ થાય છે...

**રાજ્યમાં ૭૦,૩૦૦ લોકો પાસે દારૂની પરમીટ...**

દારૂબંધી છે તેવા રાજ્ય ગુજરાતમાં દારૂ પીવાની પરમીટ મેળવવા માટે લોકો તરફથી દર વર્ષે સરેરાશ ૭૦૦૦ થી ૯૦૦૦ અરજીઓ ગૃહ વિભાગને મળી રહી છે. રાજ્યના ગૃહ વિભાગના ૨૦૧૬ના છેલ્લા આંકડા પ્રમાણે ગુજરાતમાં ૭૦૩૦૦ લોકો પાસે દારૂ પીવાની પરમીટ છે જેમાં હેલ્થ ગ્રાઉન્ડ પર ૩૭૫૭૨ લોકોને પરમીટ આપવામાં આવી છે. બીજાક્રમે ૧૮૬૭૫ સાથે એક્સ આર્મીમેન આવે છે. ટુરિસ્ટ પરમીટ ૮૦૦૦ અને વિઝિટર પરમીટ ૩૦૦૦ થવા જાય છે. ગુજરાતના એકમાત્ર સુરત શહેરમાં જ દારૂ પીવાની હેલ્થ પરમીટ ધરાવતા લોકોની સંખ્યા ૧૪૦૦૦ થઈ છે જેમાં ૨૦૦૦ તો મહિલાઓના નામે છે. અમદાવાદ કરતાં આમ જોઈએ તો સુરત આગળ પડતું શહેર છે કે જ્યાં પુરૂષોની સરખામણીએ મહિલાઓ પણ વધુ એડવાન્સ બનેલી છે.

**૫૦ અબજ ડોલર ફોર સોશ્યલ મિડીયા...**

એક અગ્રણી રીસર્ચ કમ્પનીએ પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, સોશિયલ મીડિયા પર એડવર્ટાઈસમેન્ટ (જાહેરાત) કરવા માટે ખર્ચવામાં આવતા નાણાની રકમ ૨૦૨૦ સુધીમાં ન્યુઝપેપરની જાહેરાતોની આવકની લગોલગ પહોંચી જશે. મોબાઈલ ડિવાઈસીઝ પર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સનો ઝડપી વિકાસ તેમજ ઝડપી ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને વધુ સોફિસ્ટિકેટેડ ટેક્નોલોજીને કારણે ઘણા લોકો તેમના સમાચારો જે રીતે મેળવે છે તેમાં મોટો ફેરફાર થયો છે. ફ્રાન્સની પબ્લિસીસની માલિકીની એડવર્ટાઈસીંગ એજન્સી ઝેનીથ ઓપ્ટીમીડિયાએ આગાહી કરી છે કે, ૨૦૧૯ માં સોશિયલ મીડિયા પરનો વૈશ્વિક જાહેરાત ખર્ચ ઈન્ટરનેટ પરની તમામ એડવર્ટાઈસીંગના ૨૦% જેટલો હશે, જે ઈ૫૦ અબજ હશે અને તે ન્યુઝપેપરની જાહેરાતોથી એક ટકા જ ઓછો હશે.

**મહાત્મા મંદિરમાં પણ એટીએમ મૂકાશે...**

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર પરિસરમાં હવે એટીએમ મશીન મૂકાય તો નવાઈ પામવા જેવું નથી, કારણ કે જાન્યુઆરી મહિનામાં ૫૦૦૦થી વધુ વિદેશી અને ૫૦૦૦થી વધુ દેશના મહાનુભાવો, બિઝનેસમેન અને અન્ય આમંત્રિતો માટે રૂપિયાની સુવિધા ઉભી કરવાની થાય છે. સરકારના મહેમાનોને નવી નોટોમાં મુશ્કેલી ઉભી ન થાય તે જોવા રાજ્યના નાણા વિભાગને આદેશ કરવામાં આવ્યો છે. વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટમાં મહેમાનોને નોટબંધીનો ભોગ બનવું ન પડે અને વિશ્વમાં ભારતની છાપ ખરાબ ન થાય તે માટે સરકારે એટીએમ સહિત નાણાંકીય ટ્રાન્ઝકશનની સિસ્ટમને વધારે મજબૂત કરવાનું નક્કી કર્યું છે. ઓનલાઈન પ્રપોઝલની સાથે ઓનલાઈન શોપિંગનો મેસેજ પણ આ વાયબ્રન્ટમાં આપવામાં આવે તેમ મનાય છે.

**ગાંધીનગરના માર્ગો પર વાઇ-ફાઇ સુવિધા...**

જાન્યુઆરી મહિનામાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર આવી રહ્યાં છે. દિલ્હીનું સચિવાલય ફરી એકવાર મહાત્મા મંદિરથી ધમધમશે. ત્રણ દિવસની વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ માટે સરકાર માર્ગોનું રિસરફેસિંગ કરી રહી છે. આ માર્ગોને લાઈટો તેમજ વિવિધ ફ્લાવરના કુંડાથી સુશોભિત કરી રહી છે તો બીજી તરફ સાયન્સ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ હાલ મહાત્મા મંદિરના સમગ્ર વિસ્તારને વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ બનાવવાની કામગીરી કરે છે એટલે કે હજારો મહેમાનો એકસાથે ઈન્ટરનેટનો યુઝ કરે તો નેટવર્ક ઠપ્પ ન થઈ જાય તેવો પ્લાન વિચારવામાં આવ્યો છે. આ મહેમાનોને વાયબ્રન્ટના તમામ સ્થળોએ ફોર-જી નેટવર્ક ઉપલબ્ધ બનાવવામાં આવ્યું છે અને તે પણ પાસવર્ડ નાંખ્યા વિના મહેમાનો ઈ-વોલેટનો ઉપયોગ કરી શકશે.